જા.નં./જ્ઞા.સ.ક./૨૦૨૬/7740

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન્સ, સુરત.
તા. ૦૯/૦૬/૨૦૨૬.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
સુરત, જિ.સુરત

આ સાથે સામેલ કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરનાં તા.૦૯/૦૬/૨૦૨૬ પત્ર ક્રમાંક : COS/0206/06/2026 અન્વયે અત્રેની કચેરી હેઠળની તમામ સરકારી તથા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વૈકલ્પિક વ્યવસ્થાનાં ભાગરૂપે જ્યાં સુધી કાયમી શિક્ષકો કે નવા જ્ઞાન સહાયકની નિમણૂંક ન થાય ત્યાં સુધી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં કાર્યરત હતા તે જ્ઞાન સહાયકોનો કરાર રીન્યુ કરવા તથા ઉક્ત પત્રની સુચના મુજબની કાર્યવાહી કરવા અત્રેથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંક:COS/SEC/e-file/276/2026/1949/SECONDARY

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેકટર-૧૯, ગાંધીનગર
ગુજરાત રાજ્ય.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ.

વિષય: જ્ઞાન સહાયકોના કરાર રિન્યુ કરવા બાબત.

સંદર્ભ: (૧)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.), તા.૧૦/૦૭/૨૦૨૩
(૨) શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2023/2870/G, Dt.11/07/2025
(૩) માનનીય મંત્રીશ્રી(શિક્ષણ) ની સિંગલ ફાઇલની પર તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મળેલ મંજૂરી અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઉક્ત સંદર્ભના ઠરાવથી રાજ્યની સરકારી તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના" વર્ષ ૨૦૨૩-૨૪ થી શરૂ કરેલ છે.

સંદર્ભ દર્શિત પત્ર-૨ ની શરત નં-૩(૫) માં જણાવ્યા મુજબ **"જ્ઞાન સહાયકોની કામગીરીનો કરાર મહત્તમ ૧૧ માસનો રહેશે. (વેકેશન સિવાય). દર વર્ષે શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આ કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન ગમે ત્યારે જ્ઞાન સહાયક સેવામાં જોડાયેલ હશે તો પણ તેઓનો કરાર જે તે શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આપોઆપ રદ થયેલ ગણાશે."** ની જોગવાઇ થયેલ છે.

જેથી, ઉક્ત જોગવાઇ મુજબ હાલ તમામ જ્ઞાન સહાયકોનો કરાર રદ થયેલ હોઇ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે એકપણ જ્ઞાન સહાયક કાર્યરત નથી. વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં લઇ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જયાં સુધી કાયમી શિક્ષકો કે નવા જ્ઞાન સહાયકની નિમણૂંક ન થાય ત્યાં સુધી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં કાર્યરત હતા તે જ્ઞાન સહાયકોનો કરાર રિન્યુ કરવા અંગે સંદર્ભ-૩ થી મળેલ મંજૂરી અન્વયે આપના જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં જ્ઞાન સહાયક તરીકે ફરજ બજાવતા જ્ઞાન સહાયકોના કરાર રિન્યુ કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:</u>

- **માન.** મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર.
- **માન.** મંત્રીશ્રી (રા.ક. શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૨, સચિવાલય, ગાંધીનગર.
- **માન.** અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બ્લોક નં.-૫/૭ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- **સ્ટેટ** પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- **માન.** કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર.

ignature Not Verified
gned by:Jayeshbhai Mohanbhai
tel
puty Director
te:2026.06.09
:37:12 +5:30